## આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ ખાતે

## સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭મી જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ ૨૦૨૨ની ઉજવણી

રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૨ નિમિતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭મી જન્મજયંતી આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ ખાતે તા. ૩૧.૧૦.૨૦૨૨ના રોજ સવારે ૦૯.૩૦ કલાકે માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા સાહેબશ્રીની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે માનનીય કુલપતિશ્રી દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને શ્રધ્ધા-સુમન અને ભાવપૂર્ણ પુષ્પાંજલી અર્પણ કરી વંદન કરવામાં આવ્યા. આ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલનું ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે પ્રદાન વિષે જાણકારી આપતા જણાવ્યું કે લોક-લાડીલા નેતા અને લોખંડી પુરુષ સરદાર સાહેબ અને શ્રી કનૈયાલાલ મુન્શીજીએ ગુજરાતમાં કૃષિશિક્ષણનો પાયો ૧૯૩૭માં કૃષિગોવિદ્યાની સ્થાપનાથી કર્યો અને ત્યારબાદ ૧૯૪૭માં ગુજરાત રાજ્યમાં પ્રથમ બ. અં. કૃષિ મહાવિદ્યાલયનો પાયો નાખવામાં આવ્યો. બ. અં. કૃષિ મહાવિદ્યાલયએ કૃષિશિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે હરણફાળ ભરી રાજ્ય તથા દેશને અંદાજે ૧૦૦૦૦ થી વધુ સ્નાતકો અને અનુસ્નાતકો આપી જેઓ દેશ-વિદેશમાં વિવિધ સંસ્થાઓમાં પોતાનુ આગવું યોગદાન આપી સંસ્થાનું નામ રોશન કરી રહ્યા છે. આ ઐતિહાસિક મહાવિદ્યાલયના અમૃત મહોત્સવ અને દેશના આઝાદી કા અમૃત મહોત્સવ ના ઉજવણીના ભાગરૂપે વિવિધ પરિસંવાદો, વ્યાખ્યાનો, ખેડૂતોપયોગી, વિદ્યાર્થીલક્ષી પ્રદર્શનો જેવા કુલ ૭૫ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આ પ્રસંગે યુનિવર્સિટીના પદાધિકારીઓ, વૈજ્ઞાનિકો તથા કર્મચારીઓ હાજર રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.એ.સી.એ. એલમની અસોશિએશન, બી.એ.સી.એ., આકૃયુ , આણંદ દ્વારા કરવામાં આવ્યું.






યુનિવર્સિટી